# POLITICAL SCIENCE

Name & Signature of the Invigilator

**PAPER-II**
**SEPT/13/11**

ICR Answer Sheet No. :

Roll No. :

Roll Number in words :

**Time : 1.15 Minutes]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty (50) multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પચાસ (૫૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશો નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## POLITICAL SCIENCE
## PAPER-II

## રાજનીતિ વિજ્ઞાન
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice and matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. Kautilya's *Arthashastra* is aptly described as a treatise on :
   (A) Economics
   (B) Political Philosophy
   (C) Statecraft
   (D) Public Administration

2. Which of the following is a key feature of the social order envisaged in Plato's Republic ?
   (A) Abolition of private property
   (B) Hierarchy
   (C) Monarchy
   (D) Republicanism

3. Machiavelli' notion of 'Virtu' is rooted in an ethic which is predominantly :
   (A) Pagan
   (B) Christian
   (C) Oriental
   (D) Medieval

1. કૌટિલ્યના અર્થશાસ્ત્રને શેનો ગ્રંથ કહી શકીએ ?
   (A) અર્થશાસ્ત્ર
   (B) રાજકીય ચિંતન
   (C) રાજ્ય ચલાવવાની કલા
   (D) જાહેર વહીવટ

2. પ્લેટોના 'રિપબ્લિક' પુસ્તકમાંની સામાજિક વ્યવસ્થાનું મુખ્ય લક્ષણ હતું ?
   (A) ખાનગી સંપત્તિની નાબૂદી
   (B) સોપાનિક વ્યવસ્થા
   (C) રાજાશાહી
   (D) પ્રજાસત્તાકવાદ

3. મેકિયાવેલીનો 'સદ્ગુણ' નો ખ્યાલ કઈ નીતિમત્તા સાથે સંકળાયેલો છે ?
   (A) મૂર્તિપૂજકતા
   (B) ક્રિશ્ચિઅન
   (C) પૂર્વદિશીય સંસ્કૃતિ સાથે
   (D) મધ્યયુગી

4. Bentham rejected the idea of natural rights from the standpoint of :

(A) Legal positivism

(B) Natural law tradition

(C) Liberalism

(D) Moral absolution

4. બેન્થામે 'કુદરતી હકો' નો ખ્યાલ કયા આધારે નહીં સ્વીકાર્યો ?

(A) કાનૂની પ્રત્યક્ષવાદ

(B) કુદરતી કાયદાની પ્રણાલિકા

(C) ઉદારમતવાદ

(D) નૈતિક અબાધિતતાવાદ

5. The doctrine which represents Mao's distinctive contribution to revolutionary strategy is :

(A) War of position

(B) Permanent revolution

(C) Man's line

(D) Vanguard party

5. ક્રાંતિકારી વ્યુહરચનામાં માઓનું મૌલિક પ્રદાન કયું છે ?

(A) સ્થાનકેન્દ્રી યુદ્ધ

(B) કાયમી ક્રાંતિ

(C) મેન્સ લાઈન

(D) અગ્રણી (vanguard) નેતૃત્વ આપનાર પક્ષ

6. Which term accurately captures Robert Nozick's overall theoretical stance ?

(A) Anarcho-syndicalism

(B) Libertarianism

(C) Welfarism

(D) Utilitarianism

6. રોબર્ટ નોઝીકના સૈદ્ધાંતિક ખ્યાલને મૂળભૂત રીતે કેમ ઓળખાવી શકાય ?

(A) અરાજયવાદી સિન્ડીકેલીઝમ

(B) સ્વાતંત્ર્યવાદ

(C) કલ્યાણવાદ

(D) ઉપયોગિતાવાદ

7. Dr. B.R. Ambedkar's version of Buddhism is known as :

(A) Hinayana

(B) Mahayana

(C) Navayana

(D) Vajrayana

8. The medieval doctrine of two swords sought to define the relationship between :

(A) Kinship and priesthood

(B) Lord and vassal

(C) Emperor and princes

(D) Pope and Bishops

9. Which book triggered the resurgence of political theory ?

(A) *A Theory of Justice*

(B) *Theories of Justice*

(C) *Frontiers of Justice*

(D) *The Idea of Justice*

10. The utilitarian understanding of equality is focused on :

(A) Rights

(B) Resources

(C) Capabilities

(D) Preferences

7. ડો. બી. આર. આંબેડકરનો બૌદ્ધવાદ કઈ રીતે ઓળખાય છે ?

(A) હિનાયન

(B) મહાયાન

(C) નવાયન

(D) વજ્રયન

8. મધ્યયુગનો 'બે તલવારો' નો સિદ્ધાંત કોની વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરે છે ?

(A) રાજા અને ધર્મગુરુ

(B) જમીનદાર અને સામંત

(C) સમ્રાટ અને રાજાઓ

(D) પોપ અને બીશપ

9. રાજકીય સિદ્ધાંતને પુનર્જીવન કયા પુસ્તકથી મળ્યું ?

(A) 'અ થિયરી ઓફ જસ્ટિસ'

(B) 'થિયરીસ ઓફ જસ્ટિસ'

(C) 'ફ્રન્ટીયર્સ ઓફ જસ્ટિસ'

(D) 'ધ આઈડિયા ઓફ જસ્ટિસ'

10. ઉપયોગિતાવાદનો સમાનતા અંગેનો સિદ્ધાંત શેના પર ભાર મૂકે છે ?

(A) હકકો

(B) કુદરતી સંપત્તિ

(C) શક્તિ ક્ષમતા

(D) પસંદગી

11. The theory of separation of powers is comprehensively employed only in :

(A) US

(B) India

(C) Australia

(D) U.K.

12. Which of the following is an example of a country with both a Constitution and Constitutionalism ?

(A) Hitler's Germany

(B) Stalin's Russia

(C) India under emergency

(D) US

13. 'Rule of Law' does not mean which of the following ?

(A) All are subject to law and no one is above law

(B) Judges are above the law

(C) All are subject to same law

(D) All are tried in the same courts

11. સત્તાવિભાજનનો સિદ્ધાંત સર્વાંગી દૃષ્ટિએ કયાં અમલમાં આવ્યો છે ?

(A) યુ.એસ.

(B) ભારત

(C) ઓસ્ટ્રેલિયા

(D) યુ.કે.

12. નીચેનામાંથી કયો વિકલ્પ બંધારણ અને બંધારણવાદ બંને હોવાનું ઉદાહરણ પૂરું પાડે છે ?

(A) હિટલરનું જર્મની

(B) સ્ટાલિનનું રશિયા

(C) કટોકટી દરમ્યાનનું ભારત

(D) યુ.એસ.

13. 'કાયદાના શાસન' નો અર્થ નીચે આપેલામાંથી કયો નથી થતો ?

(A) બધા કાનૂને આધિન છે અને કોઈ કાયદાથી પર નથી

(B) ન્યાયમૂર્તિઓ કાયદાથી પર છે

(C) બધા એક જ કાનૂનને આધિન છે

(D) બધા સામે એક જ અદાલતમાં કામ ચાલે છે

14. Which of the following statements about Switzerland is *wrong* ?
   (A) It has a plural federal executive
   (B) It is a country which has elements of direct democracy
   (C) It is a federal union formed by decentralization
   (D) It combines elements of Parliamentary and Presidential forms of Government

15. Match Group I and Group II by using codes given below :

| Group I | Group II |
|---|---|
| (*a*) Leon Trotsky | (1) Revolutionary Party |
| (*b*) Karl Marx | (2) Hegemony |
| (*c*) Lenin | (3) Permanent Revolution |
| (*d*) Antonio Gramsci | (4) Spontaneous Revolutionary Consciousness |

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (4) | (3) |
| (B) | (3) | (4) | (1) | (2) |
| (C) | (4) | (2) | (3) | (1) |
| (D) | (1) | (3) | (2) | (4) |

14. સ્વિટ્ઝરલેન્ડ અંગે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?
   (A) તેની કારોબારી બહુમુખી અને સમવાયી છે
   (B) તે એક એવો દેશ છે જેમાં પ્રત્યક્ષ લોકશાહીના લક્ષણો છે
   (C) તે એક એવો સમવાયી સંઘ છે જે વિકેન્દ્રીકરણથી સર્જાયો છે
   (D) તે સંસદીય અને પ્રમુખશાહી બંને સરકારના તત્વો ધરાવે છે

15. જૂથ ૧ અને જૂથ ૨ ને મેળવો. નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરો :

| જૂથ ૧ | જૂથ ૨ |
|---|---|
| (*a*) લિઓન ટ્રોટસ્કી | (1) ક્રાંતિકારી પક્ષ |
| (*b*) કાર્લ માર્ક્સ | (2) વર્ચસ્વ |
| (*c*) લેનિન | (3) કાયમી ક્રાંતિ |
| (*d*) એન્ટોનિયો ગ્રામસી | (4) સ્વયંભૂ ક્રાંતિકારી ચેતના |

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (4) | (3) |
| (B) | (3) | (4) | (1) | (2) |
| (C) | (4) | (2) | (3) | (1) |
| (D) | (1) | (3) | (2) | (4) |

16. Match Group I and Group II by using codes given below :

| Group I | Group II |
|---|---|
| (*a*) US President | (1) Power to make appropriations |
| (*b*) US Senate | (2) Power to use troops |
| (*c*) House of Representatives | (3) Power to declare war |
| (*d*) Congress | (4) Power to approve treaties |

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (1) | (4) | (2) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (2) | (4) | (1) | (3) |
| (D) | (1) | (3) | (2) | (4) |

17. Which of the following is *not* an advantage of compulsory voting ?

(A) It shakes laziness of people

(B) It prevents Government elected by minority of voters

(C) It is democratic

(D) It works against conscience of voters

16. જૂથ ૧ અને જૂથ ૨ ને મેળવીને નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરી જવાબ આપો :

| જૂથ ૧ | જૂથ ૨ |
|---|---|
| (*a*) યુ એસ પ્રમુખ | (1) ખર્ચ મંજૂર કરવાની સત્ત |
| (*b*) યુ એસ સેનેટ | (2) લશ્કરનો ઉપયોગ કરવાની સત્તા |
| (*c*) પ્રતિનિધિ સભા | (3) યુદ્ધ જાહેર કરવાની સત્તા |
| (*d*) કોંગ્રેસ | (4) સંધિઓ મંજૂર કરવાની સત્તા |

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (1) | (4) | (2) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (2) | (4) | (1) | (3) |
| (D) | (1) | (3) | (2) | (4) |

17. ફરજિયાત મતદાનથી કયો લાભ નથી થતો ?

(A) તે લોકોનું આળસ દૂર કરે છે

(B) તે લઘુમતી મતોથી ચૂંટાયેલી સરકાર રચાતી અટકાવે છે

(C) તે લોકતાંત્રિક છે

(D) તે મતદારોના અંતરઆત્માની વિરુદ્ધમાં કામ કરે છે

18. Which of the following characteristics is *not* shared by modernizing societies ?

(A) Mass society

(B) Expanded functions of states and demands

(C) State only provides for defence and foreign policy

(D) Duties of citizens include loyalty, tax payment and public service

19. Literature on political development stresses that :

(A) Political development must precede economic development

(B) Economic development must precede political development

(C) Political and economic development must proceed simultaneously

(D) Economic development inequitably leads to political development

18. આધુનિકરણ કરતા સમાજમાં નીચે આપેલામાંથી કઈ લાક્ષણિકતા નથી હોતી ?

(A) સામુદાયિક સમાજ

(B) રાજ્યનાં વધેલાં કાર્યો અને માંગણીઓ

(C) રાજ્ય માત્ર સંરક્ષણ અને વિદેશનીતિનું જ કાર્ય કરે છે

(D) નાગરિકની ફરજોમાં વફાદારી, કરની ચુકવણી અને જાહેર સેવાનો સમાવેશ થાય છે

19. રાજકીય વિકાસ પરનું સાહિત્ય શેના પર ભાર મૂકે છે ?

(A) રાજકીય વિકાસ, આર્થિક વિકાસ પહેલાં આવવો જોઈએ

(B) આર્થિક વિકાસ, રાજકીય વિકાસ પહેલાં આવવો જોઈએ

(C) રાજકીય અને આર્થિક વિકાસ સાથે જ થવા જોઈએ

(D) આર્થિક વિકાસમાંથી રાજકીય વિકાસ આવે જ છે

20. Which of the following aspects of political culture is most resistant to change ?

(A) Attitudes regarding ethnicity, religion and nationality

(B) Trust in those in power

(C) Legitimacy of basic political structures

(D) Attitudes regarding family structures

21. Match List I with List II and select the *correct* answer from the codes given below :

| | List I | | List II |
|---|---|---|---|
| (*i*) | Quit India Movement | (*a*) | 1947 |
| (*ii*) | Simon Commission | (*b*) | 1892 |
| (*iii*) | Mountbatten Plan | (*c*) | 1927 |
| (*iv*) | Indian Councils Act | (*d*) | 1942 |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*d*) | (*c*) | (*a*) | (*b*) |
| (B) | (*c*) | (*d*) | (*a*) | (*b*) |
| (C) | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
| (D) | (*d*) | (*a*) | (*b*) | (*c*) |

20. રાજકીય સંસ્કૃતિનું કયું તત્વ પરિવર્તનનો સૌથી મોટો વિરોધ કરે છે ?

(A) નુવંશી જૂથ, ધર્મ અને રાષ્ટ્રીયતા અંગેનું વલણ

(B) સત્તા પર રહેલા પરનો વિશ્વાસ

(C) મૂળભૂત રાજકીય માળખાની સ્વીકૃતિ

(D) કૌટુંબિક માળખા અંગેનું વલણ

21. જૂથ ૧ અને જૂથ ૨ ને મેળવો. જવાબ માટે નીચે આપેલા કોડનો ઉપયોગ કરો :

| | જૂથ ૧ | | જૂથ ૨ |
|---|---|---|---|
| (*i*) | ભારત છોડો આંદોલન | (*a*) | 1947 |
| (*ii*) | સાઈમન કમિશન | (*b*) | 1892 |
| (*iii*) | માઉન્ટ બેટન પ્લાન | (*c*) | 1927 |
| (*iv*) | ઈન્ડીઅન કાઉન્સીલ્સ એક્ટ | (*d*) | 1942 |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*d*) | (*c*) | (*a*) | (*b*) |
| (B) | (*c*) | (*d*) | (*a*) | (*b*) |
| (C) | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
| (D) | (*d*) | (*a*) | (*b*) | (*c*) |

22. Who wrote "Indian Constitution was born more in fear and trepidation than in hope and inspiration" ?

(A) Myron Weiner

(B) Paul Brass

(C) K.C. Wheare

(D) Morris Jones

23. The provisions related to Emergency were added in the Indian Constitution in the light of the Constitution of :

(A) German Reich

(B) United Kingdom

(C) United States

(D) Japan

24. Which of the following is *correctly* matched ?

(A) Abolition of Titles—Article-19

(B) Equality of Opportunity—Article-18

(C) Employment of Children—Article-17

(D) Immunity from Double Punishment—Article-20

22. 'ભારતનું બંધારણ ભય અને ધ્રુજારીમાં અને નહીં કે આશા અને પ્રેરણામાં સર્જાયું છે.' આ કથન કોનું છે ?

(A) માયરોન વાઈનર

(B) પોલ બ્રાસ

(C) કે. સી. વ્હીઅર

(D) મોરીસ જોન્સ

23. ભારતના બંધારણમાં કટોકટીની (આપાતકાલીન સ્થિતિ) જોગવાઈઓ કયા બંધારણમાંથી લેવામાં આવી છે ?

(A) જર્મન રાઈક

(B) યુ.કે.

(C) યુ.એસ.

(D) જાપાન

24. નીચે આપેલામાંથી કયું યોગ્ય છે ?

(A) ઈલ્કાબોની નાબૂદી–કલમ ૧૯

(B) તકોની સમાનતા–કલમ ૧૮

(C) બાળકોની મજદૂરી–કલમ ૧૭

(D) એક ગુના માટે બે વારની સજા–કલમ ૨૦

25. The Council of States (Rajya Sabha) can :

(A) Reject a money bill

(B) Amend a money bill

(C) Suggest recommendations in the money bill

(D) Delay money bill for 24 days

26. Which of the following is *not* related to the Panchayati Raj System ?

(A) State Finance Commission

(B) State Election Commission

(C) Union Public Service Commission

(D) MNREGA

27. Indian federalism grants to the states :

(A) Right to Secede

(B) Equal representation in Council of States

(C) Power for altering their boundaries

(D) Scope to use powers given by the Constitution

Which of the above options is *correct* ?

25. રાજયસભાના સંદર્ભમાં આપેલા વિધાનોમાંથી કયું સાચું છે ?

(A) નાણાંબીલનો અસ્વીકાર કરી શકે

(B) નાણાંબીલમાં સુધારા કરી શકે

(C) નાણાંબીલ અંગે ભલામણો કરી શકે

(D) નાણાંબીલને ૨૪ દિવસ રોકી શકે

26. નીચે આપેલામાંથી કયું પંચાયતી રાજ વ્યવસ્થા સાથે સંકળાયેલું નથી ?

(A) રાજય નાણાં પંચ

(B) રાજય ચૂંટણી પંચ

(C) કેન્દ્રીય જાહેર સેવા પંચ

(D) એમ એન આર ઈ જી એ (મનરેગા– MNREGA)

27. ભારતનું સમવાયતંત્ર રાજયોને :

(A) સંઘથી અલગ પડવાનો અધિકાર આપે છે

(B) રાજયસભામાં બધા રાજયોને સમાન પ્રતિનિધિત્વ આપે છે

(C) તેમની સરહદોને બદલવાની સત્તા આપે છે

(D) બંધારણથી અપાયેલ સત્તાનો ઉપયોગ કરવા દે છે

ઉપરનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

28. Which is *not* true about Public Interest Litigation ?

(A) It interferes in the domain of Legislature and Executive

(B) Petitions can be filed by the third party

(C) It enforces right of one individual against another

(D) It is also known as social action litigation

28. જાહેર હિતના પ્રશ્ન અંગેની (public interest litigation) કાનૂની અરજી સંબંધે કયું સાચું નથી ?

(A) તે ધારાસભા અને કારોબારીના કાર્યમાં દખલ કરે છે

(B) આને અંગેની અરજી ત્રીજો પક્ષ કરી શકે છે

(C) તે એક વ્યક્તિના બીજી વ્યક્તિ સામેના હકનો અમલ કરે છે

(D) તેને સામાજિક પગલાં (social action) અંગેના અદાલતી પ્રશ્ન તરીકે પણ ગણવામાં આવે છે

29. Pressure groups in India :

(A) Have no history in pre-independence India

(B) Are seen as extra-constitutional entities

(C) Do not have ascriptive affiliations like caste and religion

(D) Have secured full-fledged legitimacy

29. ભારતમાં દાબજૂથોને :

(A) આઝાદી પહેલાંના સમયનો કોઈ ઇતિહાસ નથી

(B) તેમને અબંધારણીય સંસ્થાઓ તરીકે ગણવામાં આવે છે

(C) જ્ઞાતિ અને ધર્મ જેવી માન્યતા સાથે તેને સંબંધ નથી

(D) તેમને પૂર્ણ લોકસ્વીકૃતિ મળી છે

30. Match List I with List II and select the *correct* answer from the codes given below :

| | List I | | List II |
|---|---|---|---|
| (*i*) | Goswami Committee | (*a*) | Panchayati Raj |
| (*ii*) | Sachar Committee | (*b*) | OBC's Listing |
| (*iii*) | Kalelkar Commission | (*c*) | Election Reforms |
| (*iv*) | Laxmimal Singhavi Committee | (*d*) | Minorities |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*c*) | (*d*) | (*b*) | (*a*) |
| (B) | (*a*) | (*c*) | (*b*) | (*d*) |
| (C) | (*c*) | (*d*) | (*a*) | (*b*) |
| (D) | (*a*) | (*b*) | (*d*) | (*c*) |

30. જૂથ ૧ અને જૂથ ૨ મેળવો. જવાબ માટે નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરો :

| | જૂથ ૧ | | જૂથ ૨ |
|---|---|---|---|
| (*i*) | ગોસ્વામી સમિતિ | (*a*) | પંચાયતી રાજ |
| (*ii*) | સાચર સમિતિ | (*b*) | અન્ય પછાત જ્ઞતિઓની યાદી |
| (*iii*) | કાલેલકર સમિતિ | (*c*) | ચૂંટણી સુધારા |
| (*iv*) | લક્ષ્મીમલ સીંઘવી સમિતિ | (*d*) | લઘુમતીઓ |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (*c*) | (*d*) | (*b*) | (*a*) |
| (B) | (*a*) | (*c*) | (*b*) | (*d*) |
| (C) | (*c*) | (*d*) | (*a*) | (*b*) |
| (D) | (*a*) | (*b*) | (*d*) | (*c*) |

31. What is the three fold classification of authority as given by A. Etzioni ?

(A) Programme, Organisational, Normative

(B) Budgetary, Personnel, Utilitarian

(C) Coercive, Normative, Utilitarian

(D) Coercive, Normative, Organisational

31. આધિપત્ય (authority) નું ત્રણ કક્ષમાં વર્ગીકરણ એ. એત્ઝીઓનીએ શી રીતે કર્યુ ?

(A) કાર્યક્રમ, સંગઠનાત્મક, આદર્શમૂલક

(B) અંદાજપત્રીય, કર્મચારીગણ, ઉપયોગીતાવાદી

(C) બળના ઉપયોગવાળી, આદર્શમૂલક, ઉપયોગીતાવાદી

(D) બળના ઉપયોગવાળી, આદર્શમૂલક, સંગઠનાત્મક

32. Who said : "Public Administration is the heart of the problem of modern world" ?

(A) W.B. Douham
(B) Charles A. Beard
(C) L.D. White
(D) P.H. Appleby

33. The budget was formally introduced in India in :

(A) 1859
(B) 1947
(C) 1950
(D) 1868

34. **Assertion (A) : Modern behaviouralism developed in the late 1930s and 1940s.**

**Reason (R) :** Behavioural approach is not concerned with the scientific study of human behaviour in diverse social environments.

(A) Both (A) and (R) are individually true and (R) is the correct explanation of (A)
(B) Both (A) and (R) are individually true but (R) is not the correct explanation of (A)
(C) (A) is true but (R) is false
(D) (A) is false but (R) is true

32. 'આધુનિક વિશ્વમાં જાહેર વહીવટ હૃદય સમાન છે.' આ કથન કોનું છે ?

(A) ડબ્લ્યુ. બી. ડોનેહમ
(B) ચાર્લ્સ એ. બિઅર્ડ
(C) એલ. ડી. વ્હાઈટ
(D) પોલ એચ. એપલબી

33. અંદાજપત્રની ઔપચારિક રજૂઆત ભારતમાં કયા વર્ષમાં થઈ ?

(A) ૧૮૫૯
(B) ૧૯૪૭
(C) ૧૯૫૦
(D) ૧૮૬૮

34. A માં વિધાન છે અને તેનો તર્ક R માં છે :

**વિધાન (A)** : આધુનિક વર્તનવાદ ૧૯૩૦ ના અને ૧૯૪૦ ના દાયકામાં ઉદ્‌ભવ્યો.

**તર્ક (R)** : વર્તનવાદી અભિગમ વિવિધ પ્રકારના સામાજિક પરિપ્રેક્ષ્યમાં માનવ વર્તનના વૈજ્ઞાનિક અભ્યાસ સાથે સંકળાયેલો નથી.

(A) (A) અને (R) બંને વ્યક્તિગત રીતે સાચા છે અને (R) (A) ની સાચી સમજૂતી આપે છે.
(B) (A) અને (R) બંને વ્યક્તિગત રીતે સાચા છે પણ (R) (A) ની સમજૂતી આપતું નથી.
(C) (A) સાચું છે પણ (R) ખોટું છે
(D) (A) ખોટું છે પણ (R) સાચું છે

35. The first committee to recommend for the establishment of an Ombudsman type institution in India was :

(A) Gorawala Committee

(B) Santhanam Committee

(C) Kripalani Committee

(D) Administrative Reforms Commission

36. Match the Books in List I with the Authors in List II and select the *correct* answer :

| | List I (Books) | | List II (Authors) |
|---|---|---|---|
| (*a*) | Bureaucracy and Society in Modern Egypt | (1) | Ferrel Heady |
| (*b*) | Administration in Developing Countries : The Theory of Prismatic Society | (2) | Morroe Berger |
| (*c*) | The Science of Public Administration : Three Problems | (3) | Riggs |
| (*d*) | Public Administration : A Comparative Perspective | (4) | Robert Dahl |

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (1) | (2) |
| (B) | (3) | (4) | (2) | (1) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (1) | (2) | (3) | (4) |

35. ભારતમાં લોકપાલ (ઓમ્બુડઝમાન) ની રચનાની ભલામણ કઈ સમિતિએ કરી હતી ?

(A) ગોરાવાલા સમિતિ

(B) સંથનમ સમિતિ

(C) ક્રિપલાની સમિતિ

(D) વહીવટી સુધારણા પંચ

36. યાદી ૧ માં પુસ્તકોના નામો છે. યાદી ૨ માં લેખકોના નામો છે. બે યાદીઓ મેળવો અને કોડનો ઉપયોગ કરીને સાચો જવાબ આપો :

| | યાદી ૧ (પુસ્તકો) | | યાદી ૨ (લેખકો) |
|---|---|---|---|
| (*a*) | 'બ્યુરોક્રેસી એન્ડ સોસાયટી ઈન મોડર્ન ઈજીપ્ત' | (1) | ફેરલ હેડી |
| (*b*) | 'એડમિનિસ્ટ્રેશન ઈન ડેવલપિંગ સોસાયટીઝ : ધ થિયરી ઓફ પ્રિઝમેટિક સોસાયટી' | (2) | મોરોઈ. બર્ગર |
| (*c*) | 'ધ સાયન્સ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન : થ્રી પ્રોબ્લેમ્સ' | (3) | રીગ્સ |
| (*d*) | 'પબ્લિક એડમિનિસ્ટ્રેશન : એ કમ્પેરેટીવ પર્સપેકટીવ' | (4) | રોબર્ટ ડાહલ |

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (1) | (2) |
| (B) | (3) | (4) | (2) | (1) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (1) | (2) | (3) | (4) |

37. Consider the following statements in respect of the Central Secretariat in India :

(1) It assists the Council of Ministers in the fulfilment of its responsibilities and duties

(2) It is based on the belief that policy making must be separated from policy execution

(3) Secretarial system in India is similar both to the British and the Swedish systems.

Which of the statements given above is/are *correct* ?

(A) (1) only

(B) (2) and (3)

(C) (1) and (3)

(D) (1) and (2)

37. ભારતના કેન્દ્રીય સચિવાલયના સંદર્ભમાં નીચેના વિધાનો તપાસો :

(૧) તે મંત્રીમંડળને જવાબદારી અને ફરજ નિભાવવામાં મદદ કરે છે.

(૨) તે એવી માન્યતા પર આધારિત છે કે નીતિ ઘડતર અને નીતિ અમલીકરણને અલગ કરવા જ જોઈએ.

(૩) ભારતની સચિવ પ્રથા બ્રિટિશ અને સ્વિડીસ પ્રથાને મળતી આવે છે.

ઉપરનામાંથી કયું વિધાન કે વિધાનો સાચાં છે ?

(A) માત્ર (૧)

(B) (૨) અને (૩)

(C) (૧) અને (૩)

(D) (૧) અને (૨)

38. Match List I with List II and select the *correct* answer by using the codes given below the lists :

| List I | List II |
|---|---|
| (*a*) G.V.K. Rao Committee | (1) Panchayati Raj Institutions (PRIs) |
| (*b*) Balvantrai Mehta Committee | (2) Revitalisation of PRIs for democracy and development |
| (*c*) L.M. Singhvi Committee | (3) Existing administrative arrangements for rural development |
| (*d*) Ashok Mehta Committee | (4) Community Development Programme and National Extension Service |

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (1) | (2) |
| (B) | (4) | (3) | (2) | (1) |
| (C) | (3) | (4) | (2) | (1) |
| (D) | (3) | (4) | (1) | (2) |

38. યાદી ૧ અને ૨ મેળવો. નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરી જવાબ લખો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (*a*) G.V.K. Rao Committee | (1) પંચાયતી રાજની સંસ્થાઓ |
| (*b*) બળવંતરાય મહેતા સમિતિ | (2) લોકશાહી અને વિકાસ માટે પંચાયતી રાજ સંસ્થાઓને પુનર્જીવીત કરવી |
| (*c*) એલ.એમ. સિંઘવી સમિતિ | (3) અત્યારની ગ્રામીણ વિકાસની વહીવટી વ્યવસ્થા |
| (*d*) અશોક મહેતા સમિતિ | (4) સામુદાયિક વિકાસ યોજના અને રાષ્ટ્રીય વીસ્તરણ સેવા |

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (1) | (2) |
| (B) | (4) | (3) | (2) | (1) |
| (C) | (3) | (4) | (2) | (1) |
| (D) | (3) | (4) | (1) | (2) |

39. **Assertion (A) :** McGregor's theory is based on the external control of human behaviour.

**Reason (R) :** Theory Y is characterized by decentralisation of authority.

(A) Both (A) and (R) are individually true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are individually true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

39. (A) માં વિધાન છે અને (R) માં તર્ક છે :

વિધાન (A) : મેકગ્રેગરનો સિદ્ધાંત માનવવર્તનના બાહ્ય અંકુશમાં માને છે.

તર્ક (R) : સિદ્ધાંત Y આધિપત્યના વિકેન્દ્રીકરણ પર આપેલ છે.

(A) (A) અને (R) બંને વ્યક્તિગત રીતે સાચાં છે અને (R) (A) નું સાચું કારણ છે

(B) (A) અને (R) બંને વ્યક્તિગત રીતે સાચાં છે પણ (R) (A) નું સાચું કારણ નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

40. Which of the following pairs is *correctly* matched ?

(A) Plato—Politics

(B) Machiavelli—Republic

(C) Aristotle—The Prince

(D) Hobbes—Leviathan

41. During the cold war, in which of the following events, did the two Super Powers come to the brink of the nuclear war ?

(A) Korean War

(B) Cuban Missile Crisis

(C) Vietnam War

(D) Afghanistan's invasion by USSR

42. The foreign policy strategy adopted by the United States in the early years of cold war with regard to USSR is known as :

(A) Detente

(B) Mutually Assured Destruction

(C) Containment

(D) Marshall Plan

40. લેખક અને પુસ્તકના જોડાણમાં કયું સાચું છે ?

(A) પ્લેટો – 'પોલીટીક્સ'

(B) મેકીયાવેલી – 'રિપબ્લિક'

(C) એરિસ્ટોટલ – 'ધ પ્રિન્સ'

(D) હોબ્સ – 'લેવિએથન'

41. ઠંડા યુદ્ધ દરમ્યાન બે સર્વોચ્ચ સત્તાઓ કઈ ઘટના દરમ્યાન અણુયુદ્ધની નજીક પહોંચી ગઈ હતી ?

(A) કોરિયાનું યુદ્ધ

(B) ક્યુબાની મિસાઈલ કટોકટી

(C) વિએટનામ યુદ્ધ

(D) સોવિયત સંઘનું આફઘાનીસ્તાન પર આક્રમણ

42. યુ.એસ. દ્વારા યુ.એસ.એસ.આર. ના સંદર્ભમાં શીતયુદ્ધના શરૂઆતના વર્ષોમાં અપનાવાયેલી નીતિને શું કહેવાય છે ?

(A) 'દેતાં'

(B) પરસ્પર દ્વારા નિશ્ચિત વિનાશ (MAD)

(C) નિયંત્રણ

(D) માર્શલ પ્લાન

43. Policies and actions that seek to destroy groups because of their religious or ethnic identities are called :

(A) Genocide

(B) Civil War

(C) Politicide

(D) Insurgency

44. 'Human Security' *does not* include aspects of :

(A) Food and Economic Security

(B) Economic and Environment Security

(C) Personal and Community Security

(D) Liberty and Equality

43. જાતિ કે વંશને કારણે જુથોનો વિનાશ કરવાની નીતિને શું કહેવાય છે ?

(A) જીનોસાઈડ

(B) આંતરવિગ્રહ

(C) 'પોલીટીસાઈડ'

(D) આંતરિક બળવો

44. 'માનવ સલામતી' માં શેનો સમાવેશ થતો નથી ?

(A) અન્નની અને આર્થિક સલામતી

(B) આર્થિક અને પર્યાવરણીય સલામતી

(C) વ્યક્તિગત અને સામુદાયિક સલામતી

(D) સ્વતંત્રતા અને સમાનતા

45. Which of the following principles provides incentives for mutual co-operation ?

(A) Reciprocity

(B) Dominance

(C) Favouritism

(D) Identity

46. The term "banana republic" refers to the relationship between poor states and :

(A) Multinational Corporations

(B) Non-Governmental Organizations

(C) International Organizations

(D) Terrorist Organizations

47. The Warsaw Pact was a direct response to :

(A) Creation of NATO

(B) Expansion of NATO with the inclusion of West Germany

(C) Truman Doctrine

(D) Marshall Plan

45. પરસ્પર સહકાર માટે કયો સિદ્ધાંત પ્રેરક કે ઉપયોગી બને છે ?

(A) આપ–લે

(B) વર્ચસ્વ

(C) લાગવગ કે પક્ષપાત

(D) અસ્મિતા

46. 'બનાના પ્રજાસત્તાક' શબ્દ ગરીબ રાજ્યો અને કોની સાથેના સંબંધના સંદર્ભમાં વપરાય છે ?

(A) બહુરાષ્ટ્રીય વેપારી પેઢીઓ

(B) બિનસરકારી સંગઠનો

(C) આંતરરાષ્ટ્રીય સંગઠનો

(D) ત્રાસવાદી સંગઠનો

47. વોર્સો સંગઠન કોની સામે પ્રત્યુત્તર રૂપે સર્જાયું ?

(A) નાટોની રચના

(B) પશ્ચિમ જર્મનીનો નાટોમાં સમાવેશ

(C) ટ્રુમેન સિદ્ધાંત

(D) માર્શલ યોજના

48. The Soviet Policy of 'Perestroika' pursued :

(A) Political openness

(B) Containment of USA

(C) Adoption of capitalist policies

(D) Supporting other communist countries

48. સોવિયેટ સંઘની 'પેરેસ્ટ્રોઈકાની' નીતિમાં શેનો સમાવેશ થતો હતો ?

(A) રાજકીય મુક્ત અવકાશ

(B) યુ.એસ. પર અંકુશની નીતિ

(C) મૂડીવાદી નીતિઓ અપનાવવી

(D) બીજા સામ્યવાદી દેશોને મદદ કરવી

49. Which of the following is *not* a regional organization ?

(A) NAFTA

(B) EU

(C) OPEC

(D) APEC

49. નીચેના સંગઠનોમાંથી કયું પ્રાદેશિક સંગઠન નથી ?

(A) નાફ્ટા (NAFTA)

(B) ઈ.યુ. (EU)

(C) ઓપેક (OPEC)

(D) એપેક (APEC)

50. Which of the following is *not* an example of Inter-Governmental Organization (IGO) ?

(A) NATO

(B) UN

(C) Amnesty International

(D) WTO

50. નીચેના સંગઠનોમાંથી કયું આંતરસરકારી સંગઠન નથી ?

(A) નાટો (NATO)

(B) યુ. એન. (UN)

(C) એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ (Amnesty International)

(D) ડબ્લ્યુ.ટી.ઓ. (WTO)

## ROUGH WORK

SEAL